"હવે થોડી વારમાં આપણું વિમાન નેવાર્ક ઍરપોર્ટ પર ઊતરશે. મુસાફરોને વિનંતી છે કે પોતાની સીટ પર પાછા ફરે. ઇલેક્ટ્રોનિક ઉપકરણો બંધ કરે..." ગોખાઈ ગયેલો સંદેશો ઍર ઇન્ડિયાની અમદાવાદ-નેવાર્કની ફ્લાઇટમાં ઍર હોસ્ટેસના આરોહ-અવરોહ વગરના અવાજમાંથી વહી રહ્યો હતો, "અત્યારે ન્યૂયોર્કમાં સવારના દસ વાગી ને ત્રીસ મિનિટ થઈ છે. બહારનું તાપમાન સાત ડિગ્રી સેલ્શિયસ છે."

આછા આંચકા સાથે વિમાન જમીનને અડ્યું. કેદારે બાજુમાં ઊંઘતી કલ્યાણીના ચહેરા પર હાથ ફેરવ્યો, 'જાગો બ્યુટીફુલ... આપણે મારા દેશમાં પહોંચી ગયાં છીએ'.

•

"આ જ જગ્યા છે ને?" દેવયાનીએ એની બીએમડબલ્યૂ ગાડી પાર્ક કરી. જીપીએસમાં જોયું. 'ડેમોક્રસી હૉલ' લખેલું હતું, "તું કંઈ પણ કહે, આ છે તો જેલ જ..." એણે સનગ્લાસીસ ઉતારીને ચારે તરફ જોયું. એક લાંબું બિલ્ડિંગ લગભગ સો મીટર સુધી પથરાયેલું હતું. એના કંપાઉન્ડની વૉલ પર તારનાં ગૂંચળાં લગાડેલાં હતાં, "તારે શું કામ જવું છે એને મળવા? તું વિઝિટર વિઝા પર છે. કારણ વગર શું કામ પ્રોબ્લેમ ઊભા કરે છે?"

"મારે એને મળવું જ જોઈએ..." કલ્યાણીની આંખો ભરાઈ આવી, "એ મારે લીધે આવ્યો, મારે કારણે ફસાયો... બિચારો."

"બિચારો? લુક..." દેવયાનીના ચહેરા પર અમેરિકન પ્રેક્ટિકાલિટી હતી, એણે ખભા ઉલાળ્યા, "એ એની મરજીથી આવ્યો. એને તારામાં ઇન્ટરેસ્ટ હતો માટે..."

"ઇન્ટરેસ્ટ?" કલ્યાણીની કાળી-મોટી આંખો અને લાંબી પાંપણો એક ક્ષણ માટે સ્થિર થઈ ગઈ, "એણે કહ્યું હતું કે એ મને ચાહે છે."

"ચાહે છે?" દેવયાની હસી, "તું યાર! તદ્દન ફાલતુ વાત કરે છે, આવું બધું તારી નવલકથામાં થાય, રિયલ લાઇફમાં નહીં. પાંચ વરસ નાનો ગ્રીનકાર્ડ હોલ્ડર - પરણેલો છોકરો એક અમદાવાદમાં રહેતી ગુજરાતી રાઇટરના પ્રેમમાં ફક્ત વાર્તાઓમાં જ પડી શકે." દેવયાનીના ચહેરા પર સ્મિત આવી ગયું. એની ઊપસેલી રાક્ષી એને વધુ સુંદર બનાવતી હતી, એણે આંખ મારી, "ભૂલી જા એને. એનું જે થવાનું હતું એ થઈ ચૂક્યું. લેટ્સ ગો હોમ ઍન્ડ હેવ વાઇન... સ્ત્રીને પામવા માટે પુરુષની ફેવરિટ લાઇન એટલે 'આઈ લવ યુ' તું નથી જાણતી?"

"પણ એ એવો નથી."

"ઓ યા! એવો નથી?" દેવયાનીએ આંખો નચાવી, "તો કેવો છે? અને એવો નથી એની તને કઈ રીતે ખબર? કેટલું ઓળખે છે તું એને?"

"હું... આઈ મીન..." કલ્યાણી પાસે જવાબ નહોતો. એ દેવયાનીની સામે જોઈ રહી. એના મનમાં કોઈ ભરચક રસ્તા પર ચાલતા ટ્રાફિકની જેમ સડસડાટ વિચારો આવતા હતા અને પસાર થઈ જતા હતા, "એ શું કામ જુઠ્ઠું બોલે?" એની આંખોના ખૂણા સહેજ ભીના થયા, "શું કામ આવે અહીંયાં, મારી સાથે..." કલ્યાણીએ ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું, "ફસાવા ?"

"સિમ્પલ!" દેવયાનીએ ખભા ઉલાળ્યા, "તું સફળ છે, પોપ્યુલર છે, મીડિયાની દુનિયામાં જગ્યા બનાવવા માટે એણે તારો ઉપયોગ કર્યો." એણે સનગ્લાસીસ કાઢીને ફોલ્ડ કર્યા, 'પ્રાડા' લખેલા બ્રાન્ડેડ લેધરકેસમાં મૂક્યા. એનો મેકઅપ કરેલો સુંદર ચહેરો, ઊપસેલી રાક્ષી અને ચહેરા પરનું તોફાની સ્મિત જોઈને કલ્યાણી સહેજ ઝંખવાઈ. પોતાની વાતની અસર થઈ રહી છે એ જોઈને દેવયાનીએ વધારે આગ્રહથી કહ્યું, "જો, પ્રેમબ્રેમ કંઈ છે નહીં. પણ છતાં તારે ન માનવું હોય તો ના માન. તારી જાતને છેતરી શકે છે તું. મને એક વાતનો જવાબ આપ..." કલ્યાણી કશું બોલી નહીં એટલે દેવયાનીએ પૂછી નાખ્યું, "જો તને એટલું બધું ચાહતો હતો તો એણે તારાથી આ બધું લફરું છુપાવ્યું કેમ? એ તો હવે ફસાયો, ડિટેઇન થઈ ગયો એટલે તને જણાવ્યા વિના એની પાસે છૂટકો નહોતો... બાકી..." એણે ફરી એક વાર અમેરિકન સ્ટાઇલમાં ખભા ઉલાળ્યા, "ખરું કહું છું, છોડ આ બધું. તું અમેરિકા ફરવા આવી છે - મજા કરવા. આ બધાં લફરાંમાં શું કામ પડે છે?"

"લફરું? એક માણસ એકલો છે... મુશ્કેલીમાં છે..."

"એક તો... એકલો નથી. એની બૈરી છે. ને જે થયું એને માટે એ પોતે જવાબદાર છે."

"છતાંય આપણે..."

કલ્યાણી બોલે એ પહેલાં દેવયાનીએ એને અટકાવી, "અમોલનો વિચાર કર્યો છે? માંડ છોડી છે તને. આટલા વર્ષે બહાર નીકળી છે તું. એને આ બધી ગરબડની ખબર પડશે તો શું થશે, એવી કલ્પના આવે છે?"

"નથી વિચારવું." કલ્યાણી થોડી વાર એકીટશે દેવયાની સામે જોઈ રહી. બંને બાળપણની સહેલીઓ હતી. છેલ્લાં પચીસ વરસથી દેવયાની અમેરિકામાં રહેતી હતી. લગ્ન કરીને બંને જણા અહીં વસી ગયાં હતાં. એનો પતિ હોટેલિયર હતો. દેવયાનીની માનસિકતા અને વર્તન બંને અમેરિકન રંગે રંગાઈ ચૂક્યાં હતાં. એ પહેલેથી જ થોડી 'પ્રૅક્ટિકલ' હતી ને આમ જુઓ તો એની વાત સાચી તો હતી જ. કલ્યાણી તો અમેરિકા ફરવા આવી હતી. એણે ક્યારેય નહોતું વિચાર્યું કે અમેરિકામાં પગ મૂકતાંની સાથે એ આવા ચક્કરમાં ફસાઈ જશે. અમેરિકન હોમલૅન્ડ સિક્યોરિટી અને વિઝાના કડક કાયદાની દેવયાનીને બરાબર ખબર હતી.

"જો, હું તને સાચું કહું છું. તું આ બધાંમાં નહીં પડ."

"તું આવીશ અંદર? મારી સાથે?" કલ્યાણીની આંખોમાં એક પ્રયત્ન હતો, સધિયારો શોધવાનો.

"નો વે." દેવયાનીએ ફરી ખભા ઉલાળ્યા, "સિદ્ધાર્થને ખબર પડે તો મારા ઘરમાં કારણ વગર હોળી સળગે. ઇટ ઇઝ સિમ્પલી નોટ ડન. આ દેશમાં આવા લફરામાં કોઈ પડે જ નહીં."

દેવયાનીની વાત સાંભળીને કલ્યાણીએ થોડીક ક્ષણ વિચાર કર્યો. એની નજર સામે એક ચહેરો તરવરી ગયો. મોટી ભાવવાહી કથ્થઈ આંખો, રુક્ષ ચહેરો... પણ આંખોમાંથી છલકાતી પારાવાર આસક્તિ. કલ્યાણીને જોતાં જ એ આંખોમાં કંઈક એવું ઊભરાઈ જતું, જેનો સામનો કરવો કલ્યાણી માટે અઘરું કામ હતું. એણે જેટલી વાર જાતને બચાવવાનો - એનાથી દૂર જવાનો પ્રયાસ કર્યો હતો એ દરેક વખતે કથ્થઈ આંખોની એ જોડીએ એને બાંધી લીધી હતી... એણે આંખો મીંચી, ઊંડો શ્વાસ લીધો, બંધ આંખોની પાછળ એને એ જ બે આંખો દેખાતી રહી. એના મન સાથે ગડમથલ કરીને એણે નિર્ણય લીધો. ગાડીનો દરવાજો ખોલીને નીચે ઊતરતાં એણે દેવયાનીની સામે જોયું, “હું એને એક વાર તો મળીશ.” એણે પોતાની પર્સ ત્યાં જ મૂકી દીધી. પર્સમાંથી પોતાના આઈડી પ્રૂફ તરીકે પાસપોર્ટ સાથે લીધો, “મારે એને મળવું જ જોઈએ.” એ ગાડીમાંથી ઊતરી ગઈ. દરવાજો બંધ કરી દીધો.

“હવે જાય જ છે તો પૂછજે એને...” દેવયાનીએ ઓટોમેટિક ગાડીનો ગ્લાસ નીચે ઉતાર્યો, “કેમ કર્યું તારી સાથે આવું?”

“આઇ વિલ.” દેવયાનીના ચહેરા પર દઢ નિર્ણય અને પીડાના ભાવ વારાફરતી આવીને પસાર થઈ ગયા, “એટલું પૂછવા પણ મારે મળવું તો જોઈએ જ, રાઇટ?” એ ગાડીની વિરુદ્ધ દિશામાં ચાલવા લાગી.

ઇમોશનલ ફુલ છે આ... મૂરખ! એવું બબડીને દેવયાનીએ ગાડી પાર્કિંગ લૉટ તરફ વાળી.

વાતાવરણ વરસાદી હતું. વાદળ ઘેરાયેલાં હતાં. થોડી વાર પહેલાં જ પુષ્કળ વરસાદ પડ્યો હતો. અમેરિકામાં ફૉલની સીઝન શરૂ થવાના પહેલાંના દિવસો હતા. ઠંડી શરૂ થઈ ચૂકી હતી. ગળાનો સ્ટોલ સરખો કરીને કલ્યાણીએ એના જૅકેટનાં બટન બંધ કર્યાં. કલ્યાણી હાથમાં પાસપોર્ટ લઈને આગળ ચાલી. એનું હૃદય જોરજોથી ધડકતું હતું. આમ ઠંડી લાગતી હતી, પણ કપાળ પર પરસેવો વળતો હતો. એક વાર એને થયું કે પાછી વળી જાય... પણ એનું મન એને પાછી વળવા દે એમ નહોતું.

સામે ડેમોક્રસી હૉલ લખેલું પાટિયું ચોખ્ખું વંચાતું હતું. એની નીચે અમેરિકન હોમલૅન્ડ સિક્યોરિટીના નિયમો લખ્યા હતા : અંદર ખાવા-પીવાની ચીજવસ્તુઓ, કાગળ, પુસ્તકો લઈ જવાની મનાઈ છે. સાચા આઇડેન્ટિટી પ્રૂફ વગર પ્રવેશ નહીં મળે. મુલાકાત આપવી કે નહીં એ નિર્ણયનો અધિકાર ઑફિસરનો રહેશે. નિયમોનું વાયોલેશન કરનાર સજાને પાત્ર બનશે. ખોટી આઇડેન્ટિટી ગુનાને પાત્ર છે. ત્યાં ઊભા રહીને નિયમો વાંચી રહેલી કલ્યાણી ફરી એક વાર ડરથી થથરી ઊઠી. ઊંચા ઊંચા લોખંડી દરવાજા અને એની પાસે ઊભેલો એક આફ્રિકન ઑફિસર... એ ઑફિસર કાર્ડ સ્વૅપ ના કરે ત્યાં સુધી દરવાજા ના ખૂલે એવી કડક વ્યવસ્થા હતી અહીં. દરવાજો ફક્ત અંદરથી ખૂલતો. આ ભલે ડિટેન્શન હૉલ કહેવાય, પરંતુ દેવયાનીએ સાચું જ કહ્યું હતું. આ એક જેલ જ હતી એવું કલ્યાણી સમજી શકી. ‘અહીં કઈ રીતે રહેતો હશે એ!’ એની આંખો ભરાઈ આવી... આંસુ લૂછીને કલ્યાણી મુખ્ય દરવાજા તરફ આગળ વધી. અંદર જઈને એણે

આઇડેન્ટિટી પ્રૂફ તરીકે પાસપોર્ટ આપ્યો. ટેબલ પર બેઠેલા ઑફિસરે પાસપોર્ટને એક મશીનમાંથી પસાર કર્યો. અલ્ટ્રાવાયોલેટ કિરણોએ પાસપોર્ટના હૉલમાર્કની સચ્ચાઈ ચકાસી લીધી. ઑફિસરે એક રજિસ્ટર કલ્યાણી તરફ ધકેલ્યું. રજિસ્ટરમાં ચાર ખાનાં હતાં : કોને મળવા આવ્યા છો? શું સંબંધ છે? કેટલા વાગ્યે આવ્યા? છેલ્લું, કેટલા વાગ્યે બહાર નીકળ્યા? સહી કરતી વખતે એણે લખ્યું, "કાઝિમ અલી ખાન..." જીન્સના હિપ પૉકેટમાંથી નંબર લખેલી એક ચબરખી કાઢીને એણે ઑફિસરને આપી. ઑફિસરે ફોન પર એ નંબર કોઈકને લખાવ્યો... કલ્યાણી રજિસ્ટરમાં વિગતો ભરી રહી હતી. શું સંબંધ છે? જવાબમાં એણે લખ્યું, "મિત્ર..." એની પેન સહેજ ધ્રૂજી ગઈ. એને ફરી દેવયાની યાદ આવી ગઈ!

એ બધી જ વિધિઓ પતાવીને, સિક્યોરિટીમાંથી પસાર થઈને મોટી મોટી સિમેન્ટની દીવાલો વટાવતી અંદરની તરફ પહોંચી. મુખ્ય બિલ્ડિંગમાં જવા માટે ફરી એક ગેઈટ પસાર કરવો પડતો હતો. એ પણ સિક્યોરિટી લૉકવાળો ગેઈટ હતો. એને આપેલું વિઝિટર કાર્ડ એણે ગળામાંથી કાઢીને સ્વૅપ કર્યું એટલે ઓટોમેટિક ગેઈટ એક માણસ દાખલ થઈ શકે એટલો જ ખૂલ્યો. એ અંદર દાખલ થઈ...

સામે બેઠેલી છ ફૂટ ઊંચી, જાડી, મેક્સિકન ઑફિસરે એના હાથ પર એક ઇનવિઝિબલ સિક્કો મારી આપ્યો. એક ખાસ ટોર્ચની લાઇટમાં જ દેખાય એવા એ સિક્કા પર એક નંબર લખ્યો હતો. કલ્યાણીનું હૃદય ધકધક કરવા લાગ્યું, 'અમોલને આ ખબર પડે તો?' આટલા વિચારમાત્રથી ન્યૂયોર્કમાં ઑક્ટોબર મહિનાની ઠંડીમાં એના કપાળે પરસેવો થવા લાગ્યો. એ એક ક્ષણ માટે અટકી ગઈ, મારે અંદર જવું જોઈએ? એને ફરી વિચાર આવ્યો. પાછા વળી જવાની ઇચ્છા થઈ ગઈ, છતાં મન મક્કમ કરીને એણે મુલાકાતીઓના ખંડના દરવાજાને ધકેલ્યો.

મરુન શર્ટ અને ગ્રે પેન્ટ પહેરેલાં સ્ત્રી અને પુરુષો ખુરશીઓમાં બેઠાં હતાં. એમની સામેની તરફ એમને મળવા આવેલા મુલાકાતીઓ બેઠા હતા. મુલાકાતીઓમાં નાનાં બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધ માતા-પિતા... કંઈ કેટલાય લોકો હતા. કોઈની આંખોમાં આંસુ હતાં તો કોઈના ચહેરા પર સ્મિત. સહુ એકસાથે વાતો કરી રહ્યા હતા એટલે ભયાનક ઘોંઘાટ ચારે તરફ પ્રસરી ગયો હતો.

હજી તો એ દાખલ થાય એ પહેલાં થોડે દૂર બેઠેલા એક ગુજરાતી જેવા લાગતા ભાઈ એની સામે ધારી ધારીને જોવા લાગ્યા. કલ્યાણીએ એમને ન જોયા હોય એવો ડોળ કરીને એ આગળ વધી, પણ એની નજર ફરી એક વાર પેલા ભાઈ સાથે ટકરાઈ ગઈ. એનઆરઆઈ જેવા દેખાતા એ આધેડ વયના ભાઈ કલ્યાણી પાસે આવી ગયા, "ઓહ! હેલો..." કલ્યાણીએ ફિક્કા સ્મિત સાથે ડોકું ધુણાવ્યું. એણે નજર બચાવવાનો પ્રયત્ન કર્યો, પણ એ ભાઈ છોડે એમ લાગતા નહોતા. એ આગળ આવ્યા, "કલ્યાણી મહેતા છો, રાઈટ?"

"હમ્મ્? જી."

"તમે અમેરિકામાં છો એ પેપરમાં વાંચ્યું હતું, ટી.વી. એશિયામાં તમારો ઇન્ટરવ્યૂ પણ જોયો. અહીંયાં ક્યાંથી?"

"જી… અ…" કલ્યાણીના પગ ધ્રૂજવા લાગ્યા હતા.

"કોઈને મળવા આવ્યાં છો?"

"જી?" કલ્યાણીને શું જવાબ આપવો એ સૂઝ્યું નહીં. જો કે એ ભાઈએ જ કલ્યાણીનો પ્રોબ્લેમ સૉલ્વ કરી આપ્યો, "નવી નવલકથા લખો છો? રિસર્ચ કરતાં હશો, કેમ?"

"જી…જી!" કલ્યાણીએ ફરી એક વાર ફિક્કું સ્મિત કરીને ડોકું ધુણાવ્યું. એ ભાઈએ કલ્યાણીનો હાથ પકડી લીધો, "હું તમને નિયમિત રીતે વાંચું છું. બહુ મોટો ફૅન છું તમારો. એક પણ બુક નથી છોડતો તમારી. મારી વાઇફ પણ…"

બરાબર એ જ વખતે એણે સામેના દરવાજે આવી પહોંચેલા કેદારને જોયો. એ પણ બીજાં સ્ત્રી-પુરુષોની જેમ ઓપન કોલરના મરુન ટી-શર્ટ અને ગ્રે જીન્સમાં હતો. કલ્યાણીને જોઈને એણે સ્મિત કર્યું. ગાલમાં ખાડા પડી ગયા. એની આંખોમાં એક અજબ જેવી ચમક આવી ગઈ. ઝડપથી આગળ આવીને બે હાથ ફેલાવ્યા. બાજુમાં ઊભેલા ભાઈની આંખો પહોળી થઈ ગઈ. કલ્યાણીને સમજાયું નહીં કે એણે શું કરવું… થોડું વિચારીને એ આગળ વધી… કેદાર એની તરફ આવી રહ્યો હતો…

કેદારે નજીક આવીને કલ્યાણીને લગભગ જબરદસ્તી બાહુપાશમાં લઈ લીધી. એના બંને હાથ કલ્યાણીની આજુબાજુ લપેટાઈ ગયા. કલ્યાણી સંકોચાઈ ગઈ. એણે જાતને છોડાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. કેદારે પકડ થોડી વધુ ટાઇટ કરી, "આ… પેલા ભાઈ મને ઓળખે છે." કલ્યાણી હજીયે છૂટવા પ્રયત્ન કરી રહી હતી.

"હેલ વિથ હિમ! તને અહીં પણ ઓળખીતા મળી ગયા? કેટલા દિવસે જોઈ તને! આંખો તરસી ગઈ હતી તને જોવા." કેદાર સહેજ અટક્યો. ફરી બોલી ઊઠ્યો, " કેવો લાગ્યો મારો દેશ?" કેદારના ચહેરા પર એ જ રમતિયાળ સ્મિત હતું. એના ગાલમાં પડતા ડિમ્પલ એટલા જ આકર્ષક દેખાતા હતા. કોઈ મૉલમાં કે રેસ્ટોરાંમાં મળ્યો હોય એટલો સ્વાભાવિક હતો એ. આ ડિટેન્શન કૅમ્પમાં, લગભગ જેલ જેવી જગ્યાએ મુલાકાતીઓના ખંડમાં એ કલ્યાણીને મળી રહ્યો હતો એનો અણસાર પણ એના વર્તનમાં ક્યાંય નહોતો. કલ્યાણીના ચહેરા પર ઝૂકી આવેલી એક લટ એણે અત્યંત આસક્તિથી ખસેડી. એની આંખોમાં તરસ તરવા લાગી. એના શ્વાસ કલ્યાણીના કપાળ પર અથડાતા હતા, "સુંદર લાગે છે તું… બ્યુટીફુલ, એઝ ઍવર."

કલ્યાણી એની આંખોમાં જોઈ રહી. શું હતું આ આંખોમાં? આકર્ષણ? ઉન્માદ? પ્રેમ? કે પછી નકરો નર્યો સ્વાર્થ? કેદારની આંખોમાં જાણે કળણ હતું. કલ્યાણી એમાં ઘસડાવા લાગી… એણે પોતાની જાતને ઢંઢોળી, એને અચાનક ફરી એક વાર સવાલ થયો, હું શું કરું છું અહીંયાં?'

એનો સવાલ સમજી ગયો હોય એમ કેદારે એની ચિબુકને પોતાના અંગૂઠા અને આંગળીની વચ્ચે પકડી. એના ચહેરાને થોડો વધુ નજીક લઈ આવ્યો, "દરેક વખતે મગજને બહુ તકલીફ નહીં આપવાની. ક્યારેક હૃદયનું પણ માનવાનું."

"તમે સમજતા નથી. મને તમારી ચિંતા થતી હતી."

"ને મને તારી." એ હસ્યો.

"મજાક કરો છો?" કલ્યાણી જરા ઘવાઈ.

"રિલેક્સ... હું દસ દિવસમાં બહાર આવી જઈશ." અજબ જેવા એ માલિકીભાવથી કલ્યાણીના ગાલ પર હાથ ફેરવતો હતો. કલ્યાણીએ ચહેરો ખસેડવાનો પ્રયાસ કર્યો પણ કેદારે બીજા હાથે એનો ચહેરો પકડી રાખ્યો, "કેમ દૂર ભાગે છે મારાથી?"

"પણ આટલો બધો પ્રોબ્લેમ હતો તો તમારે નહોતું આવવું જોઈતું." કલ્યાણીના અવાજમાં અજાણતા જ ચીડ ઉમેરાઈ ગઈ, "આવી રીતે રિસ્ક લેવાય?"

"તું મારા પર વિશ્વાસ કરે એ માટે આ જરૂરી હતું." કેદાર હસી પડ્યો, "તને તો મારી બધી વાત ખોટી જ લાગે છે, ખરું ને?" કલ્યાણીની આંખો ભરાઈ આવી. એની પાંપણ પર તોળાતા આંસુના ટીપાને કેદારે પોતાની પહેલી આંગળી પર ઝીલી લીધું, "પ્રેશિયસ ધેન પર્લ." એણે એ આંગળી પોતાના મોઢામાં મૂકીને આંસુ પી લીધું, "બિલીવ મી... તને મારામાં વિશ્વાસ આવે એ માટે કંઈ પણ કરી શકું." એનો અવાજ સહેજ દૃઢ થયો, ચહેરો ગંભીર થઈ ગયો, "કંઈ પણ, સમજે છે?" એણે કલ્યાણીના કપાળ પર હળવેકથી હોઠ અડાડ્યા. કલ્યાણીથી પેલા ભાઈની દિશામાં જોવાઈ ગયું. એ એકીટશે બંને જણાને જોઈ રહ્યા હતા. હવે કલ્યાણીએ ઝટકાથી જાતને છોડાવી લીધી.

"જુઓ, હું ફરી ક્યારેય નહીં આવું." કલ્યાણીએ જરા ઉશ્કેરાઈને કહ્યું, "નહીં આવી શકું, કદાચ."

"તું આવીશ." એની કથ્થઈ આંખોમાં સંમોહન હતું, "રહી જ નહીં શકે, આવ્યા વિના."

"મને લોકો ઓળખે છે."

"તો?" એના ચહેરા પર રમતિયાળ સ્મિત આવી ગયું. એના ગાલ પર પડતા ખાડામાં જાતને ખોઈ રહેલી કલ્યાણી કશું સમજે એ પહેલાં એણે કલ્યાણીનો ચહેરો નજીક ખેંચ્યો, "તું મારી સેલિબ્રિટી ગર્લફ્રેન્ડ છે..."

"હું તમારી ગર્લફ્રેન્ડ નથી." કલ્યાણીએ બને એટલા વધારે રુક્ષ અવાજથી પોતાની વાત કહેવાનો પ્રયત્ન કર્યો.

"તું મારું સર્વસ્વ છે. એવરીથિંગ..." કલ્યાણીની સામે જોઈ રહેલી બે આંખો સહેજ ભીની થઈ, "તને કેમ સમજાતું નથી કે હું ફક્ત તારે માટે અહીંયાં આવ્યો છું... બધા જૂના હિસાબ સેટલ કરીને એક ફ્રેશ શરૂઆત કરવા... મારી આખી જિંદગી હું તારી સાથે..."

"બસ! નથી સાંભળવું મારે." કલ્યાણી સહેજ દૂર થઈ ગઈ, "તમે સહીસલામત બહાર આવી જાવ, પછી..."

"પછી?" કેદારની આંખોમાં એક વિચિત્ર પ્રકારનો ડર ડોકાયો.

"પછી આપણે ક્યારેય નહીં મળીએ." કલ્યાણીએ એને સહેજ ધક્કો મારીને દૂર કર્યો, "ટેક કેર, બાય." એ ઊંધી ફરીને ચાલવા લાગી. કેદાર એની પાછળ દોડ્યો, પણ કલ્યાણી ફરીને જોયા વગર સડસડાટ બહાર નીકળી ગઈ.